The Leading Gujarati Daily ગુજરાત સમાચાર

ગુજરાત
રાષ્ટ્રીય
અમેરિકા
આંતરરાષ્ટ્રીય
વ્યાપાર
રમત ગમત
મનોરંજન
આજનું ભવિષ્ય
ફોટો ગેલેરી
લગ્ન વિષયક
પૂર્તિ
તંત્રીને પત્ર
અવસાન નોંધ
આજ નું કાર્ટુન

પ્રથમ પાનું > અમેરિકા >

# ન્યુજર્સીમાં સંતરામ ભક્ત સમાજે સત્સંગનું આયોજન કર્યું

ન્યુજર્સી, તા.૯

અમેરીકાના ન્યુજર્સીમાં શ્રી સંતરામ ભક્ત સમાજ દ્વારા મહાપૂર્ણિમા નિમિત્તે સંતરામ ૪૩માં સત્સંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બપોરના ૧૨-૪૫ કલાકે નડીઆદથી ટેલીફોન દ્વારા પ.પૂ.શ્રી રામદાસજી મહારાજના સ્વર સાનિધ્યમાં કસ્તુરી તિલકમ્ શ્લોક દ્વારા શરૂઆત બાદ આશિર્વાદથી સત્સંગની શરૂઆત કરવામાં આવી હતી.

**નડીયાદથી ફોન પર શ્રી રામદાસજી મહારાજના સ્વરમાં શ્લોકથી શુભારંભ**

હોલની અંદર મોટી સાઈઝના પ્રોજેક્ટ સ્ક્રીન પર બ્રહ્મલીન મહંતશ્રી નારાયણ મહારાજશ્રીના મધુર સ્વર અને સંગીતના માધ્યમ વડે તૈયાર થયેલા ડી.વી.ડી. સાથે સુંદરકાંડપાઠ સંપન્ન બન્યો. પાઠના સમયે ૧૦ હજાર માઈલ દૂર સંતરામ મંદિરના ચોકમાં નડીઆદની પાવન ભૂમિ પર બેઠેલા હોય તેવી અનુભુતી થઈ રહી હતી. દર સત્સંગની માફક રાવ અને સ્મૃતિ પંડ્યા પરિવાર દ્વારા ભક્તિ સંગીત, સંતરામના પદોની લ્હાણી પીરસવામાં આવી હતી. નડીઆદથી આવેલ પ.પૂ.રામદાસજી મહારાજના સ્વહસ્તે લખાયેલા શુભાર્શિવાદ સંદેશાનું વાંચન સંતરામ ભક્ત સમાજના સેવકે કર્યું હતું. ફિલાડેલ્ફીયા વિસ્તારમાંથી બે બસ ભરીને મોટી ઉંમરના સીનીયરોની ઉપસ્થીતી સાથે વોશિંગ્ટન ડી.સી.ન્યુયોર્ક, વર્જીનીયા, ટેકસાસ, શિકાગો વિગેરે દૂરદૂરના રાજ્યોમાંથી પણ સંતરામ ભક્તો સત્સંગમાં પધારી સંતરામ મહારાજની કૃપાપ્રસાદી મેળવીને સંતોષ માન્યો હતો. અમેરીકાના વર્જીનીયા રાજ્યના શ્રીમતી પંકજબેન અને શંકરભાઈ પટેલના આર્થિક સહયોગ અને સૌજન્યથી યોગીરાજ શ્રી સંતરામ મહારાજનોશતામૃત મહોત્સવ વિશેષાંક ગ્રંથ-પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. આં આધ્યાત્મિક ગ્રંથમાં શ્રી સંતરામ મહારાજના મહિમાની ઝાંખી, પૂ.શ્રી મોરારીબાપુની કથાનો સાર, શતામૃત મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ ધર્મ, આધ્યાત્મ,સંસ્કૃતિ,કથા, યજ્ઞના કાર્યક્ર મોની ઝાખી,ફોટોગ્રાફ્સ દ્વારા દર્શાવવામાં આવ્યા હતા. બ્રહ્મલીન નારાયણદાસજી મહારાજના પત્રો એમને સ્પર્શી ગયેલા સંતોના દ્દષ્ટાંત, વચનો અને વૃત્તાંત પણ આ ગ્રંથમાં સમાવેશ કરવામાંઅ ાવેલ છે.

બ્રહ્મલીન નારાયણદાસ મહારાજની સંન્યાસ દીક્ષા,ભાવિકોને પ્રેરણા, એમનો સેવાભાવ એમના બ હ્મલીન થવાનાં, સમાધિસ્થ થવાનાં એમનાં પ્રત્યે ભાવાંજલી વ્યક્ત કરતાં સંદેશાઓનો ગ્રંથમાં સમાવેશ કરેલ છે.

Copyright © Gujarat Samachar